# સુરત મહાનગરપાલિકા

**યુ.સી.ડી.વિભાગ**

**અખબારી યાદી**

**સેન્ટ્રલ ઝોન, રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, સુરત ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ**

રાજય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃત્તિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનું ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર **તા.૦૭/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦** કલાક દરમ્યાન **સેન્ટ્રલ ઝોન, રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ, ૨/૨૮૯ , આશાપૂરી માતા નો ટેકરો , તરણકુંડ ની બાજુમાં , રૂસ્તમપુરા , સુરત** ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા દસમાં તબક્કાનાં પ્રથમ "સેવાસેતુ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવેલ હતું.

સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. "સેવાસેતુ કાર્યક્રમ"માં ઉપસ્થિત **મા. સાંસદ શ્રી મુકેશભાઈ દલાલે** પ્રાસંગિક ઉદબોધન **કરતા જણાવ્યું કે સુરત એશિયાનું જડપથી વિકસતું શહેર બની રહ્યું છે, સુરત મહાનગરપાલિકા દ્વારા રોડ-રસ્તા, ફ્લાયઓવર બ્રીજ, ડ્રેનેજ, પાણી વગેરે અનેક સુવિધાઓ ઉત્કૃષ્ટ રીતે પૂરી પાડવાની સાથે આજે ૧૦૦ માં સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરી શહેરીજનોને સરકારશ્રીની અનેક સેવાઓનો લાભ આપી મા. વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત -૨૦૪૭ ના સંકલ્પને સિદ્ધ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે તે માટે મહાનગરપાલિકા અભિનંદનને પાત્ર છે. અધ્યક્ષીય પ્રવચન કરતા મા.મેયરશ્રી દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે આજે સરકારશ્રી દ્વારા અનેક યોજનાઓનો લાભ લાભાર્થીઓને મળે તે માટે એક ગેરેન્ટરની ભૂમિકા ભજવી રહી છે. સુરત મહાનગરપાલિકા દ્વારા અત્યાર સુધીમાં ૧૦ તબક્કામાં ૯૯ સેવાસેતુ કાર્યક્રમ યોજી ૦૨.૦૦ લાખ થી વધુ લાભાર્થીઓને યોજનાથી લાભાન્વિત કરેલ છે. વધુમાં મા. મેયરશ્રીએ જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા માત્ર આજના કાર્યક્રમ પુરતું સીમિત ન રહી દરરોજ લાભાર્થીઓને સરળતાથી સેવાઓનો લાભ પહોચાડવા કાર્યરત છે. સેવાસેતુ કાર્યક્રમમા આવકાર પ્રવચન મા. ડે. મેયરશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું.**

સેવાસેતુ કાર્યક્રમમાં નેતાશ્રી શાશક પક્ષ શ્રીમતી શશીબેન ત્રિપાઠી તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ **તથા** મ્યુ.સદસ્યશ્રીઓ હાજર રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

"સેવાસેતુ કાર્યક્રમ"માં વિવિધ વિભાગો જેવા કે મેહસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગરપાલિકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/ વસુલાત/ પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ.વિભાગ, વિવિધ બેંકો વગેરે ધ્વારા દિવસ દરમ્યાન કુલ 1680 લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રીમીલેયર સર્ટી, પંચનામાં, ધાર્મિક લઘુમતી પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃદ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજૂઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એક જ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ ' સેવાસેતુ કાર્યક્રમના આયોજન બદલ વિસ્તારના રહીશો ધ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા<br>
સમાચાર યાદી નં.૬૧૧<br>
તા. ૦૭/૦૩/૨૦૨૬